૪૭૫૫૧

વર્તમાન તત્વ સંગ્રહના
ગ્રાહકોને ભેટ.

યશોમતિ.

(એક પ્રતિવૃતા સ્ત્રી.)

લખનાર.
મગનલાલ ઝવેરચંદ શાહ.
લીંબડી—કાઠિયાવાડ

અમદાવાદમાં
રાજનગર પ્રિન્ટીંગ પ્રેસમાં છાપી.

ઈસ્વી ૧૮૯૧ સંવત ૧૯૪૭

અર્પણ પત્રિકા.

રાવ બહાદુર ગોપાળજી સૂરભાઈ દેશાઈ

કાઠિયાવાડના આસિ૦ એજ્યુકેશનલ
ઇન્સ્પેકટર સાહેબ અને મુંબાઇ
યુનિવરસીટીના ફેલો.

માનવંતા મુરબ્બી સાહેબ,

કાઠિયાવાડની અંદર કેળવણીનો પ્રસાર કરવામાં આપે જે મથન કરેલું છે, તેની પ્રશંસા જેટલી થાય તેટલી ઓછી છે. તેમાં પણ સ્ત્રી કેળવણીને હમણાં હમણાંમાં સારાં સ્વરૂપ ઉપર લાવી તેનો જે જશ પ્રાપ્ત કર્યો છે, તે આપના મહાન પરાક્રમની નિશાની તરીકે

આ એક પતિવ્રતા સ્ત્રીનું વૃતાંત આપને અ-
ર્પણ કરૂં છું, તે સ્વિકારવા કૃપા કરશો.

લીંબડી.

તા૦ ૧ મે સને ૧૮૯૧

લી૦ સેવક

મગનલાલ ઝવેરચંદ શાહ.

—:o:o:—

યશોમતિ.

સુંદર અને શુશોભિત મહેલના એક પડખે આવેલી અગાશીમાં પુનમની સોભિતી રાત્રીએ સોનેરી સિંહાસનપર એક મહાન કાંતિવાન ૨૦ વર્ષની ઉમ્મરનો જુવાન બેઠો હતો. તેની સામી બાજુએ ખુરશીપર અપસરા સરખી અતિ સ્વરૂપવાન એક સ્ત્રી બેઠી હતી. સ્ત્રી પોતાના પ્રીતમને પાનપટી આપી, પંખાવતી હળવે હળવે પવન નાંખતી હતી, પ્રિતમ પોતાની પ્રીયા સાથે નાના પ્રકારની હાસ્ય વિનોદની વાતો કરી આનંદ આપતો હતો. એવામાં કોઈ સ્ત્રી રૂદન કરતી હોય, એવા દુઃખના ઉદગાર તેના કાને અથડાયા. થોડીવાર એકચિત્તે તે રૂદન સાંભળ્યા પછી, તે જુવાને નિ-

એ હાક મારી નોકરને બોલાવ્યો. અનુચરે હાથ જોડી જવાબ દીધો. "સાહેબજી! શો હુકમ." દેવદત્તે કહ્યું "દરવાજા બહાર કોઈરૂ-દન કરતું સંભળાય છે, તો જે હોય તેને નીચે બોલાવો." "વારૂ સાહેબ" એમ બોલી અનુ-ચર દરવાજા તરફ ગયો, અને એક ગરીબ સ્ત્રીને નીચે ઉભી રાખી, દેવદત્તને તે સ્ત્રીને લાવ્યાના ખબર આપ્યા. દેવદત્તે આ સ્ત્રીને રડવાનું કારણ પૂછ્યું ત્યારે તે બોલી. "ધર્મા-ત્મા શેઠજી! હું ગરીબ મુસાફર છું. હું મારા પતિ તથા છોકરા સાથે જાત્રા કરવા નીકળી હતી, પણ મારા કર્મ ભાગ્યથી મારો પતિ તથા મારો છોકરો દુષ્ટ કોલેરાના ભોગમાં આવી ગયા. ત્યાર બાદ મને સંધીવાનો ઉ-પદ્રવ્ય શરૂ થયો, જેને કરી મારા બંને પગ ઝલાઈ ગયા. હવે ઘોડીના ટેકા વગર ચાલી શકતી નથી. અને ભુખ મરાના દુઃખે મરૂં

છું. આજે મને એ લાંઘણુ થઇ છે.” ઉપર મુજબ તે સ્ત્રીની દિલગીરીના વચનો સાંભળી દેવદત્તને અત્યંત દયા ઉપજી, અને તુરત તેણે પોતાના હાથમાં હીરામાણેકથી જડેલ પચીશ હજાર રૂપીઆની કિંમતવાળી પોંચી હતી તે આપી દીધી. પેલી ભીખારણ રાજી થતી દેવદત્તને હજારો હજાર આશિર્વાદ આપતી પોતાને પંથે પડી. એવામાં દેવદત્તને વિચાર થયો કે આ મારા હાથમાં બીજી પોંચી છે તે મારે ખપ આવશે નહિં, કેમકે તેની જોડની તો આપી દીધી માટે આ પણ આપી દઉં. હું બીજી જોડ કરાવી લઇશ. એમ વિચાર બાંધી તે બાઇને પાછી બોલાવી બીજી પોંચી પણ આપી દીધી.

આ બનાવ દેવદત્તની સામે બેઠેલી તેની પ્રીયા યશોમતિ જોઈ દિલગીર થઈ. એક ગરીબ માગણને ૫૦ હજાર રૂપીઆની

કિંમતના અમુલ્ય દાગીના દાનમાં દઇ, પોતા ના પિતાની દોલત ઉડાવી દેવી. એ **યશોમતિને** વ્યાજબી લાગ્યું નહીં. જો કે આ સ્ત્રી પોતાના પ્રીતમની કોઇ પણ પ્રકારે લાગણી દુભાવવા દેતી નહોતી અને હમેશાં પતિવ્રત પણું પાળતી હતી તોપણ આ વખતે તે પોતાના પ્રિતમના આવા ઉડાઉપણા માટે બોલી:—

"પ્રાણાધાર! આપણે ત્યાં કરોડો રુપિઆની દોલત છે, આપણને કોઇ વાતની કમી નથી; તોપણ લક્ષ્મી ચપળ છે, તે એક ઘર મૂકી બીજે ઘેર અને બીજું ઘર મૂકી ત્રીજે ઘેર તુરત દોડી જાય છે. રંકના રાય અને રાયના રંક બનતાં વાર લાગતી નથી. તેમ આ સઘળી દોલત આપના પિતાશ્રીએ મેળવેલી છે. તેમને આપ માત્ર એકજ પુત્ર રત્ન છો, એટલે તે દોલતનો આપ ગમે તે

પ્રકારે ઉપયોગ કરો, તોપણ તે તમને કદિ કાંઇ પણ કહેશે નહીં. પણ સ્વામીનાથ ! આપણે આટલું તો વિચારવું જોઇએ કે આ સઘળી આપણે ટાઢી રસોઇ જમીએ છીયે. આ સઘળી દોલત આપણે આપણી જાતે મેળવી નથી. અને જ્યાં સુધી બાપની કમાઈ ખાવામાં આવે ત્યાં સુધી તે ટાઢી રસોઇ કહેવાય. કહેવત છે કે 'આપ કમાણી સૌથી ઉત્તમ, બાપ કમાણી મધ્યમ અને સાસરા, તથા મોસાળ કમાણી કનીષ્ટ.' માટે મધ્યમ પણાનું દ્રવ્ય વાપરવું તે કરતાં ઉત્તમ કમાણીના દ્રવ્યનો મન ગમતો ઉપયોગ લેવાય ત્યારે ખરી બહાદુરી કહેવાય."

યશોમતિનાં આ માર્મિક વાકયોનો પુરતી રીતે સાર **દેવદત્ત** સમજી ગયો. બાપની કમાણી ખાવા સબબ સ્ત્રીએ મેણું માર્યું એવો સંકલ્પ **દેવદત્તના** મનમાં ઉત્પન્ન થયો,

તુરત તેનું મોઢું ફીકું પડી ગયું. અને ઉંડા વિચારમાં ત્યાંથી તુરત ઉઠી નીચે ચાલવા માંડયું. **યશોમતિ** દિલગીર થઈ બોલી "પ્રીતમ! કયાં ચાલવા માંડયું? મારા વચનથી આપને રીસ ચડી? માફ કરો પ્રાણાધાર! હું ભુલી. મારા સમ નીચે જાઓ તો." આટલું બોલતાં યશોમતિની આંખમાંથી આંસુનાં ટીપાં પડયાં. એટલે **દેવદત્ત** કાંઇ પણ બોલ્યા ચાલ્યા વગર સારી રાત વિચારમાંને વિચારમાં ત્યાંજ બેસી રહયો.

સવાર થયું એટલે **દેવદત્ત** પોતાના માતપિતાને પગે લાગી એક જાત્રા જનાર સંઘની સાથે પોતાનું વહાણ સજ કરી વેપાર અર્થે જવા તૈયાર થયો, માતપિતા તથા સજ્જન વર્ગે જવા ઘણી ના પાડી, પણ કોઇનું માન્યું નહીં. અને સારૂ મુહુરત જોઇ માત પિતા તથા વૃદ્ધ માણુશોને પગે લાગી તેમની શિખામણ સાંભ-

ળી લઇ ચાલતો થયો. ત્યારે **યશોમતિ** રસ્તો રોકી ઊભી રહી. અને **દેવદત્તને** પ્રણામ કરી તેનો છેડો પકડયો. પણ **દેવદત્ત** ક્રોધાયમાન આંખ કરી છેડો ખેંચી લઇ વગર બોલાવે ચાલી નિકળ્યો. અને વહાણુ ઉપર ચડયો. માતપિતા, સગાં સબંધી વગેરે સરવે માણસો દેવદત્તને વળાવી પાછાં પોતપોતાને સ્થાનકે આવ્યાં. **યશોમતિ** પણ ઘેર આવી, ને પોતાના કર્મનો દોષ ગણી ભગવાનનું ભજન નિરંતર કરવા લાગી.

વહાણુ મધ્ય દરિએ ચાલ્યું. એમ કેટલાક દિવસ ચાલી નિકળ્યા પછી એક દિવસ રાત્રે દરિઆમાં મોટું તોફાન મચાયું, વહાણુ ડામાડોળ થવા માંડયું. અને સર્વેના જીવ ચપટીમાં આવી પડયા. સર્વેએ પોત પોતાના ઇષ્ટદેવની પ્રાર્થના કરવા માંડી. દેવદત્તને માત પિતા તથા પોતાની પ્રિયા સાંભ-

ળી આવી, પોતાની પ્રિયાના સાચાં વચનો પર તેણે તિરસ્કાર બતાવી, તરછોડી દેશાવરનો રસ્તો લીધો, તેને માટે અતિ અફસોસી થવા માંડી. વહાણુ પણ હમણાં ડુબે, હમણાં ડુબે એમ થઈ રહ્યું, તે વખતેદે વદત્તે ઉભા થઈ પરમેશ્વર પ્રતે ભક્તિ કરી અરજ કીધી જે.—"હે! દીનાનાથ! દયાળુ પ્રભુ, મને એકવાર મારી સ્ત્રીને મળવા દઇ, પછી મોત આપજે. હે કૃપાસાગર ઈશ! તું મારી વિનતી ધ્યાનમાં લેજે." ગમે તેમ હો. પણ આ વાક્યો દેવદત્તના મોઢામાંથી નિકળ્યા પછી તોફાન શાંન્ત થઈ ગયું. ને વહાણુ સ્થિર થયું. સર્વેએ તે દિવસે ઉજાણી કરી, ને પરમેશ્વરનો પાડ માન્યો.

હવે દેવદત્તના મનમાં પક્કો વેહેમ પડયો કે મેં યશોમતિનો નકામો અનાદાર કીધો તેથી આ વિટંબણા થઇ. માટે મારે

પોતાને પંથે પડયો. ને પોતે લંગર કરેલા મચ્છવે પ્રભાત પહેલાં પહોંચી ગયો. ત્યાંથી કેટલેક દિવસે પોતે પોતાના પડાવ કરેલા વહાણે પહોંચ્યો.

દેવદત્તનું વહાણ ત્યાંથી આગળ ચાલ્યું. અને કેટલેક દિવસે હંસદ્વિપે પહોંચ્યું. ત્યાં દેવદતે વેપાર રોજગાર ધમધોકાર ચલાવવા માંડયો. અને દિન પ્રતીદીન વેપારની વૃદ્ધી થવા લાગી. કરોડો રૂપિયા પેદા કરી, અને સુખેથી હંસદ્વિપમાં દિવસ ગુજારવા લાગ્યો.

હવે જે દિવસ દેવદત્ત યશોમતિ આગળ આવ્યો હતો, તેજ દિવશે યશોમતિ નાહી હતી. તેથી તેજ દિવસથી તેને ગર્ભ રહ્યો હતો. તેથી તેને ગર્ભવંતી જાણી, ઘરમાં ચરચા થવા લાગી. તેની સાસુ તેને વ્યભિચારણી ધારી મેણું મારવા લાગી. યશો

યશોમતિને મળવું: એવો સંકલ્પ કરી થોડા દિવસે એક કાંઠે વહાણ લંગરાવ્યું. અને પોતે બે વિશ્વાસુ ખાળવાને લઇ એક મજબુત મચ્છવામાં બેસી પોતાના વતન તરફ ઉતાવળે વળ્યો. વતનથી થોડે દૂર મચ્છવો લંગર કરાવી, પોતે છાની રીતે વેષ લઇ રાતને વખતે એકલો પોતાના જાણીતા ભોયરાંને રસ્તે થઈ પોતાના મહેલમાં ગયો, અને બારણું ખખડાવી સ્ત્રીને બોલાવી. સ્ત્રીએ તુરત સાદ ઓળખી પોતાના પતિને અંદર લીધો. દેવદત્તે અંદર જતાંવેંત પોતાની પ્રિયા આગળ માફી માગી, ને પોતે અઘટિત કામ કીધું તેને માટે પસ્તાવો કર્યો. તેની શિયળવંતી સ્ત્રીએ સઘળી રીતે આદર સત્કાર કરી પોતાના પતિને આનંદ ઉપજાવ્યો. થોડી વાર વાત વિનોદ કર્યા બાદ દેવદત્ત રજા લઇ જે રસ્તે આવ્યો હતો તેજ છુપે રસ્તે

મતિ પોતાને ગર્ભ શી રીતે પ્રાપ્ત થયો? તે વાત કહી બતાવે. પણ તે વાતપર ઘરનાં કોઇ માણસને વિશ્વાસ આવે નહીં આ વાત દેવદત્તના બાપ પુરંદર શેઠને માલુમ પડી, ત્યારે અતિ દુઃખીત થયો. અને યશોમતિને કાઢી મુકવા વિચાર ધાર્યો.

શેઠે એક પત્ર યશોમતિના પિતા પ્રતે લખ્યો. તેની તરફથી એવો જવાબ આવ્યો કે એ દીકરીને આંહિ મોકલશો નહિં, જેથી પુરંદર શેઠે એક રથ જોડાવી સારથી સાથે અરણ્યમાં યશોમતિને રવાના કરી.

રથ અરણ્યમાં ચાલ્યો. અને ઘણા ગાઉ ઉપર એક અઘોર જંગલમાં ખંડીત દેરી હતી, તેમાં સારથીએ યશોમતિને ઉતારી પોતે પોતાના પંથે પડયો. વનમાં સિંહ નાર, વાઘ, સાપ વગેરે વિકાળ જનાવરોની યશોમતિને અત્યંત બીક લાગવા માંડી. ય-

શોમતિ દિવસે થોડો વખત બહાર નીકળે, અને રાત્રે દેરી બંધ કરી તેમાં રહે. પણ સાંજ સવાર એક ચિત્તથી ભગવાનનું ભજન કરવા ચુકે નહીં, એમ દુઃખે દિવસ કાઢવા લાગી.

એક દિવસ રાત્રે દેરીના દ્વાર આગળ **યશોમતિ** ઉભી છે, ચંદ્રમા ખીલ્યો છે, તેવામાં ચાર ચોર આવ્યા. તેઓએ **યશોમતિ**ને મહારૂપવાન જોઇ વનદેવી ધારી નમન કરી કહેવા લાગ્યા "હે માતા! આજે અમને ચોરીમાં લાભ છે કે કેમ! તે કહો." **યશોમતિ** કહે "ચોરો" મને આંહી શુદ્ધ જ્ઞાન રહેતી નથી, માટે કોઇ વસ્તીવાળા ભાગમાં તેડી જાઓ, તો તમને લાભ મળે." ચોરો કહે:— દેવી! આંહીથી નજીક **કાંદમી** નામે નગરી છે, ત્યાં **જયરથ** નામે રાજા રાજ કરે છે. જો આપને ત્યાં આવવું હોયતો ચાલો તેડી

જઇએ." **યશોમતિ** કહે "ભલે, મને તેડી જાઓ, પણ તમે દુર્ગંધ શરીરવાળા કહેવાઓ, માટે તમે મારાથી દુર ચાલો, તો હું તમારી સાથે આવું." ચોરોએ હા કહી અને **યશોમતિ** તથા ચોરો કૌશંબી નગરીએ પ્રભાત પહેલાં પહોંચ્યા. **યશોમતિ**ને એક બાગમાં બેસારી ચોરો પોતાને રસ્તે ચાલ્યા.

યશોમતિ બાગમાં બેઠી બેઠી વિચાર કરવા લાગી કે હવે મારે ક્યાં જવું. એવામાં વેશ્યાની દાશીઓ ફુલ ફૂલ લેવાને માટે એ બાગમાં આવી. તેણે **યશોમતિ**ને મહા સ્વરૂપવાન દેખી, તેની નાત જાત પુછી, મીઠાં વચનો બોલી **યશોમતિ**ને પોતાની સૈયર કરી લીધી. **યશોમતિ**એ પોતાની સર્વ હકીકત કહી, એટલે એક વેશ્યાએ નગરમાંથી રથ લાવી **યશોમતિ**ને પ્રપંચ કરી પોતાને ઘેર તેડી ગઇ.

ગુણુકાએ **યશોમતિને** પોતાના મહેલમાં ઉતારી, પોતાનુ કૃતવ્ય કહી બતાવ્યું. આ વચન સાંભળી **યશોમતિ** એકદમ કંપી ઉઠી ને બોલી જે "એ કામ મારાથી કદિપણ બનશે નહીં" ત્યારે ગુણુકા કહે "હે યશોમતિ તને હજુ સંસારના રંગની ખબર નથી. રોજ રોજ નવા નવા નાવલા ભોગવ, કે જેથી આપણુને ઘણા પૈસાની પ્રાપ્તી થાય, અને આનંદ મળે." આ વચન **યશોમતિને** વજ્ર જેવા લાગ્યાં. પણ કરે શું! ઈલાજ નહીં ત્યાં ઉપાય શો? તે બોલી "હે બાઈ! હું પતિવ્રત પદ પાળું છું. મારે પર પુરૂષ પિતા અને બંધવ બરાબર છે. તમે જો બળાત્કાર મારા પ્રત્યે વાપરશો, તો હું આપઘાત કરીશ. શું મારે મારૂં અમુલ્ય શિયળ ખંડિત કરી અન્યર પુરૂષથી આનંદ મેળવવો? શું મારે મારો અમુલ્ય અવતાર એળે ગુમાવવો? શું મારે મારી જા-

ત નાત અને ધર્મ માથે કલંક બેસાડવું? શું મારે પાપનાં ભાતાં બાંધી નર્કનો રસ્તો લેવો? પૃથ્વી ઉથલપાથલ થાય! સમુંદ્ર મરજાદ મુકે! મેરૂ પર્વત ટુટી પડે! સુર્ય કદી પશ્ચિમે ઉગે! તો પણ હું મારૂ વ્રત કદિપણ ભંગ કરનારી નથી, જીવ જાય તે ખુરબાન, પણ જીવથી વહાલ! શિયળને ખંડન કરૂ? ત્યારે ધીક્કાર છે મને! મારી જાતને! ત્યારે તો જનેતાએ નક્રામો ભાર વેઠયો કહેવાય તો! આવા જુસ્સા ભરેલા વચન ક્રોધની આંખે તિરસ્કારથી જોવા લાગી. ગુણકાએ વીચાર્યુ જે આ વખત મારૂં કહ્યું માનશે નહીં, માટે હમણાં ચુપ રેહેવું. વળી પ્રસંગ આવે તેને ઠંડા પાડીને મારી ધારેલી ધારણા બર લાવીશ એમ વિચારી તેની સેવામાં **કૌશલા** નામે દાશી સોંપી પોતે પોતાને ઓરડે ગઈ.

હવે **યશોમતિ** પોતાના અંતઃકરણમાં

અફસોસ કરવા લાગી જે મારૂં શિયળ કેમ સચવાશે. રે પરમેશ્વર! મારી શા ગતી થ-શે. હાય! હાય! શિયળ લુંટાસે તો મારો જન્મ વૃથા ગણાશે. અરે! આ વખત મારો કોણ બેલી. 'ધર્મીને ઘેર ધાડ અને કસાઇને ત્યાં કુશળ' એ વાત મુજબ મારે બન્યું, પણ રે! હું ભુલું છું. એમ હોય ન-હીં. અંતે ધર્મની જે થશે. એમ મનવાળી એ કનિષ્ટાથી ઇશ્વરના નામની જપમાળા જ-પવા લાગી.

ગુણાકરે કૌશલા દાશીને બોલાવી કહ્યું. જે "હે દાસી! તે આજ સુધી મારૂં લુણ ખાધું છે, માટે તે હલાલ કરી, ગમે તે પ્રકારે સમજાવી, ફોસલાવી, ઘરેણા દાગી-ના વગેરે આપી, યશોમતીને આપણા કાર્-યમાં ભેળવ, કે જેથી આપણને ઘણા દ્રવ્ય-ની પ્રાપ્તી થાય."

કૌશલ્યા દાસી **યશોમતિ** આગળ જાય, પણ તેની ધર્મ પ્રતે પ્રિતી, તેની નિતીની રિતી, અને તેના સતી પણાનો તાપ જોઈ દાસીની જીભ **યશોમતિ** પ્રતે ઉપડે નહીં. પણ તે જેમ કહે તેમ કર્યા કરે. **યશોમતિ**, **કૌશલ્યા**ને શિખામણ દેજે. "હે સખી **કૌશલ્યા**! આ તમારૂં કાર્ય અનંતા ભવ નર્કમાં રખડાવનાર છે. અને એક નિતીની રીતી, ને પરમેશ્વરનું ભજન સાચું છે." **કૌશલ્યા**ને પણ એ વચનપર શ્રધા બેસી ગઈ અને યશોમતિની જરા પણ અશાતના કરેનહી.

એમ કરતાં **યશોમતિ**નો ગર્ભ પરિપક્વ થવા આવ્યો, એટલે ગુણુકાએ એ વાત પડતી મૂકી. પુરા નવ માસ થતાં **યશોમતિ**ને મહા કાંતિવંત, ચંદ્રને લજ્જા પમાડે એવો પુત્ર પ્રાપ્ત થયો. પુત્ર એક માસનો થયો ત્યારે ગુણુકાએ દાસી પ્રત્યે કહ્યું જે "તું

યશોમતિના પુત્રને મારી નાંખ, નહિતો આપણું ધારેલું કામ ધુળધાણી મળશે, દાસીએ આ વાત યશોમતિને કહી, ત્યારે તેણે કહ્યું કે "હે સહચરણી કૌશલા ! હું તને મારી પ્રીય સખી ગણું છું, માટે આ પ્રીય પુત્રને દુઃખ ન ઉપજે એવે ઠેકાણે મૂક." એમ કહી પોતાનું ચીર ફાડી તેમાં પુત્રને લપેટી આશ્રુધારા પાડતાં, **યશોમતિ**એ પુત્રને **કૌશલા**ના હાથમાં આપ્યો. તે સાથે રડતાં રડતાં ફરી વીનંતી કરી જે "હે પ્રીયે ! તું આ પુત્રને નિર્ભય જગ્યાએ મુકજે." એમ બોલી પ્રેમથી મુર્છીત થઈ પૃથ્વીપર પછડાઈ પડી.

આ વખત પાછલી રાતના હોવાથી સાનકુળ ધારી, **કૌશલા** પુત્રને લઈ શેહેર બહાર જયદેવ જક્ષનું દેવળ છે ત્યાં ગઈ, અને કેળનાં પાંદડાં પાથરી પુત્રને જક્ષના દેવળના પગથીઆપર પોઢાડયો. અને પોતે ગુપ્ત રી

તે ઘર ભણી વળી નીકળી.

આ નગરમાં જયરથ નામે રાજા છે. તેને પુત્ર નથી, તેથી પુત્રની ઇચ્છાએ અહોનીશ જયદેવ જક્ષની પ્રાર્થના કરવા પ્રભાત સમે આવે છે. આજે જેવો પગથીઆપર ચડવા જાય છે, તેવોજ મહાસ્વરૂપવાન પુત્ર, પોતાનો અંગુઠો ચુસતો, ગેલથી આનંદ ભોગવતો દીઠો, તેવોજ તેણે તુરત પુત્રને ઉપાડી લીધો. અને જયદેવ જક્ષે પુત્ર આપ્યો, એમ માની જક્ષદેવને નમી મોટી ધામધુમથી પુત્રને પોતાના ઘેર લાવી પોતાની સ્ત્રીને સોંપ્યો. ગામમાં વધાઈ વગડાવી, સાકર વેહેંચાવી, ઠાર ઠાર આનંદની પ્રતિધ્વની થઇ રહી. અને ભાટ ચારણ વગેરે ગરીબ ગરબાને અનગળ ધન દાનમાં દીધું.

આજ આનંદનો દીવસ હોવાથી બપોરને વખતે જયરથ રાજાએ કચેરી કરી, ગામના શેઠ શાહુકારો અને વસ્તીના આગેવાન

પુરૂષો કચેરીમાં આવીને બેઠા. નગરની નાની મોટી ગુણકાઓ પણ નાના પ્રકારના વસ્ત્રાલંકાર લટકાવી, પેહેરામણીની આશાએ ગાયન કરવા કચેરીમાં ગઇ. કચેરીમાં ઉત્સાહ ધામધુમ થવા લાગી.

આજે ગુણકા કચેરીમાં ગઈ છે, તેથી **યશોમતિ**એ **કૌશલ્યા**ને બોલાવી કહ્યું જે, "હે **કૌશલ્યા**! તું મને હવે નિર્ભય જગ્યાએ જવાનો રસ્તો બતાવ." ત્યારે **કૌશલ્યા** બોલી આ નગરના રાજાનો પ્રિય મિત્ર **શ્રીચંદ્રશી** કરીને વકીલ છે. વળી તે આ નગરનો પ્રધાન છે. તેને ત્યાં જાઓ તો સુખી થશો." આ વાત યશોમતિને પસંદ પડી, એટલે તે દાસીને તેડી શ્રીચંદ્રશીના ઘરે ગઇ. દાસી ઘર બતાવી પાછી વળી, અને **યશોમતિ** આમાત્યના* ઘરમાં દાખલ થઇ. તેવીજ

---

* પ્રધાન.

તેની સ્ત્રી તથા બેને આદરસત્કાર ખબર અં-
તર પુછવા માંડી. **યશોમતિ**એ પોતાની વિ-
તેલી કથા કહી બતાવી, ને કહ્યું જે તમારા
શરણે આવી છું તો સાચવશો. નહિંતો મારૂં
શિયળ લુંટાશે. પ્રધાનની બેન તથા સ્ત્રીને ઘ-
ણુ દયા ઉપજી, અને જ્યારે **પ્રીયદર્શી** ઘેર
આવ્યા ત્યારે સર્વ હકીકત નિવેદન કરી; તેથી
આમાત્યને અત્યંત દયા આવી, ને પોતે બેન
ગણી પોતાના ઘરે રહેવા કીધું. તથા તેની
સારી સરભરા કરવા પોતાની બેન તથા સ્ત્રીને
ભલામણ કરી.

ગુણકા પોતાને ઘેર આવી, ત્યારે ય-
શોમતિ મળે નહીં. તેથી તેની તપાસ કરવા
લાગી. તો માલુમ પડયું કે તે પ્રધાનના
ઘરે છે. ત્યાં જોર ચાલે નહીં. માટે હવે કાંઇ
ઉપાય નથી, એમ ધારી એ વાત પડતી મુકી.

યશોમતિ, પોતાની રહેણી કહેણી,

નમ્રતા, વિવેક અને ધર્મના પ્રભાવથી આમાત્યના ઘરમાં અતિ માનીતી થઈ પડી. હમેશાં સારાં સારાં શાસ્ત્રનાં પુસ્તકો **પ્રિયદર્શી**ની બેન તથા સ્ત્રીને વાંચી સંભળાવે, અને તેમને ઘરના નાના મોટા કામમાં સલાહ અને મદદ આપે, એટલુંજ નહિ, પણ **પ્રીયદર્શી**ની આગતા સ્વાગતા તન દઈને કરે, તેથી પ્રધાનના ઘરમાં સર્વ કોઇ તેના પર વહાલ રાખી શાતા ઉપજાવે.

હવે **જયરથ** રાજાએ કુંવરનું નામ **જયપ્રસાદ** પાડયું. અનુક્રમે **જયપ્રસાદ** મોટો થવા લાગ્યો, પણ જેમ જેમ ઉમરે આવતો ગયો, તેમ તેમ તેને નઠારી સોબત થતી ગઈ, અને વ્યભિચારી બનવા લાગ્યો. સારો દિવસ રાંડોને ત્યાં પડયો રહે, અને નાદાર સોબતી સાથે કેફ કસુંબા અને ઠઠા મશ્કરી કરી દિવસ કાઢે. એમ કરતાં કરતાં

જયપ્રસાદ શોળ વરસનો થયો.

વખત એવો આવ્યો કે જે ગુણકાને ત્યાં **યશોમતિ** સપડાઇ હતી, તેજ ગુણકા સાથે જયપ્રસાદ હળ્યો. ગુણકાએ હાવભાવથી થોડી મુદતમાં કુંવરને પોતાના કબજે કરી લીધો. પછી એક દિવસ કુંવરને તાનમાં લાવી ગુણકાએ કહ્યું જે "હે કુંવર! હું ઘણા વરસ થયાં આ ધંધો કરૂં છું, ઘણી ઘણી સ્ત્રીઓ મારા હાથ તળે આવી ગઇ છે, ઘણી ઘણી સુંદરીઓનાં સ્વરૂપ જોયાં છે, પણ એક વખત **યશોમતિ** કરીને મારે ત્યાં સ્ત્રી આવી હતી, તેના જેવું રૂપ, ચારખંડ ધરતીમાં હોય એવું હું ધારતી નથી. શું તેનું સુંદર મુખ! શું તેના કોમળ હાથ! અને શું તેની કટી! ઈશ્વર નવરો હશે ત્યારેજ એ આને ઘડી હશે! વાહ વાહ! એ સુંદરીનો શણગાર! ખરેખાત એવી સ્ત્રી સાથે જેણે

આનંદ નથી ભોગવ્યો, તેનો જન્મારો વૃથા છે. માટે હે કુંવર! હું બીજાને તો કહું નહી, પણ તું મારો પ્રીતીપાત્ર છે તો કહું છું કે એ સ્ત્રી પ્રધાન **ક્રીયદર્શી**ને ત્યાં છે. માટે શક્તિ હોય તો મેળવી, તેની સાથે આનંદ ભોગવવા ભાગ્યશાળી થા." આવા ઉદગારો ગુણકાના મોઢામાંથી નીકળતાંજ **જયપ્રસાદ** કામાંધ બની ગયો, ટાઢો શીતળ જેવો થઈ ગયો, આનંદ ઉડી ગયો, તેની નાડી ઉદવેગમાં ચાલવા લાગી, છાતી ધબકવા લાગી, અને ચિત્ત ચગડોળે ચડયું. ઘડી બે ઘડી સ્બધ રહ્યા બાદ **યશોમતિ** મેળવવાનું ગુણકાને વચન આપી અનેક તર્ક વિતર્ક કરતો પોતાને ઘેર ગયો.

જયપ્રસાદને જરાપણ ચેન પડે નહી તેનું મન **યશોમતિ**ને કબજે કરવાના વિચાર પર ચોટયું. ને પોતાના પીતાપર એક પત્રિકા

લખી.

"પિતાજી! લખવું ન લખવું એવા વિચારમાં બે દીવસ કાઢયા. પણ ચિત ઠેકાણે ન પડયું જેપરથી લખું છું કે આપના પ્રધાન પ્રીયદર્સીને ત્યાં યશોમતિ કરીને સ્ત્રી છે, તે મારે સ્વાધીન બે દીવસની અંદર કરશો, નહીતો હું આપઘાત કરીને મરીશ.

લી૦

તમારો પુત્ર

જયપ્રસાદ.

ઉપર મુજબની ચીઠી પોતાના એક નોકર સાથે પોતાના પીતાપર મોકલાવી. **જયરથ** રાજા પત્રિકા વાંચી વારંવાર વિચારમાં પડયો. પ્રીયદર્શીને ખોટું કેમ લગાડાય? તેમ કુંવરને મરવા કેમ દેવાય? આમ શુડી વચે સોપારી થઈ. જો કુંવરની વાત મંજુર ન કરે તો કુંવર મરી જાય, અને રાજનું સત્યાનાશ

વલે, તેમ પોતાના વહાલા મીત્ર **પ્રીયદર્શીને** ખોટું લાગે. આવા વિચારમાં **જયરથ** રાજા ગોટાવા લાગ્યો. છેવટ પોતાના પ્રધાન **પ્રીય-દર્શીને** બોલાવી અતિ નમ્રતા સાથ કહ્યું જે "મિત્ર! એક તો તું મારો મિત્ર અને બીજો પ્રધાન છું. તારા દુઃખે મારે દુઃખ, અને તારા સુખે મારે સુખ માનવું જોઇયે, તેમજ તારેપણ મારા સુખ દુઃખનો ભાગીયો થવું જોઇએ. જય**પ્રસાદે** એવી હઠ લીધી છે કે તારે ત્યાં **યશોમતિ** કરીને સ્ત્રી છે તેને મેળવી આપો, માટે તે સ્ત્રી મહેરબાની કરી મને સોંપ, નહિતો કુંવર આપઘાત કરશે અને આપણા રાજ્યનું સત્યાનાશ જશે!" ઉપરના વચનો રાજાના મહોડામાંથી નિકળતાંજ **પ્રીયદર્શી** મહા ચિંતામાં પડયો. 'સાંજે જવાબ આપીશ' એમ કહી તુરત પોતાના મકાન પર આવ્યો, ને વિચારવા લાગ્યો, જે હે!

પરમેશ્વર! હે! દિનાનાથ! હવે શું થશે? હાય! હાય! મારા હાથમાં આવેલી અનાથ અબળા સતિને તેનું શિયળ ખંડિત કરવા કેમ સોંપાય? જે મ્હોડે પાન ચાવ્યાં, તે મ્હોડે લાળા કેમ ચવાય,' અરે! એ સતિનું શિયળ ખંડિત થાય તો મુઆ વગર રેહે નહીં. ત્યારે એ સતિની હત્યાનું પાપ મારા માથે લાગે. હવે કરવું કેમ? આતો 'ગળે ગાંઠ અને મ્હોડે ડુચો' એ મુજબ થયું. ના પાડવાથી રાજાને હરકત પડે, અને હા પાડવાથી સતિનું શિયળ લૂટાય. એમ વિચાર બાંધતાં છેવટે મન સાથે નકી કીધું કે રાજ જાય તે કુરબાન! મારૂં ઘરબાર લૂટાય તે ભલે! અને મારૂં મોત થાય તો પણ હરકત નહીં! પણ મારા શરણે આવેલી સતિને આ દેહમાં પ્રાણ છે ત્યાં લગી તો સોંપવી નહીં. એ મુજબ મનમાં તર્ક બાંધે છે, એવામાં

યશોમતિ ત્યાં આગળ આવી, **પ્રાયદર્શીને** ચિંતામાં પડેલો જોઈ વિનયથી બોલી. "ભાઈ! આજ આટલી બધી ઉદાસવૃતીમાં કેમ છો ? હમેશાં અત્યારે આનંદથી પુસ્તકો વાંચો છો,—હસો છો,—બોલો છો—અને આજે ઉંડા વિચારમાં ઉતરી ગયેલ મ્હોંડે કેમ બેઠા છો? જે હોય તે કહો. કે જેનું નિરાકરણ ઝટ થાય." "કાંઈ નહીં. અમસ્તો," આટલો ઉત્તર **પ્રિયદર્શીના** મ્હોડામાંથી નિકળતાં તેની આંખમાંથી ટપક ટપક આંસુનાં ટીપાં પડયાં. "ભાઈ આ શું? રડો છો કેમ? શું કાંઈ વિપરીત થયું છે? મારા સમ જે હોય તે કહો." આટલી હકીકત **યશોમતિ** પુછતાં પોતે પણ ગળગળીત થઈ ગઈ. અને અતિ આગૃહથી આમાત્યને સઘળી હકીકત કહેવા વિનંતી કરી, ત્યારે **પ્રીયદર્શીએ** સઘળો વૃતાંત કહી બતાવ્યો તે સાંભળી **યશોમતિ** બોલી. "બંધવ જરા

પણ ફિકર ન કરો, મને ખુશીથી **જયપ્રસાદ** પાસે મોકલો. તેમાં મારા શિયળને જરા પણ અડચણ નહીં આવે, માટે મુંઝાઓ નહીં. હું ત્યાં જઈ મારી, તમારી અને તેમની શોભા કરીશ. માટે તેમાં શું આટલી બધી ચિંતા રાખો છો ? " ઉપરનાં હિંમત ભરેલાં વચન **યશોમતિ**એ કહેતાં તુરત **પ્રીયદર્શી**એ પોતાનો શીવરામ તૈયાર કરાવ્યો. અને સારાં સારાં વસ્ત્ર ઘરેણાં વગેરે આપી, **યશોમતિ**ને **જયપ્રસાદ** પાસે મોકલાવી. **યશોમતિ** એક ઓરડે ઉતરી. અને દાસી સાથે **જયપ્રસાદ**ને કહેવરાવ્યું જે **યશોમતિ** આવી છે. **યશોમતિ**ના આવવાની વાત કુંવરે સાંભળતાં તુરત તેને ઓરડે ગયો. જ્યાં **જયપ્રસાદ** કુંવર **યશોમતિ**ના મુખપર નજર નાંખે છે, ત્યાં એકદમ **યશોમતિ**ને ધાવણની શેડ વછુટી. આ કુદરતી બનાવ જોઈ **જયપ્રસાદ** કાળો

ઘણ થઇ ગયો. અને શરમીંદણો પડી ગયો. બોલવું શું ? તે પણ સુઝે નહીં. ત્યારે **યશોમતિ** બોલી " બેટા શું વિચારમાં પડયો છું ? તું મને ઓળખતો નથી, પણ હું તારી મા અને તું મારો પુત્ર છું. માટે ખાત્રી કરવી હોય તો કરજે. અને એ ખાત્રીથીજ આજે મને માતૃપ્રેમની ધાવણની શેડ વછુટી. એ ખચીત માનજે. "

આવાં વચન સાંભળી **જયપ્રસાદ** ત્યાંથી તુરત બહાર નીકળી રાણીવાસમાં પોતાની મા આગળ ગયો. અને પૂછવા લાગ્યો જે હે! માતાજી! મારી જનેતા કોણ? અને મારો પિતા કોણ ? " રાણી કહે 'અમે તારા માબાપ છીએ. વળી બીજા કોણ તારાં માત પિતા હતાં ? જે આવા ગાંડા ગાંડા સવાલ પુછે છે ? " કુંવરે **જયરથ** રાજા આગળ જઇ હઠ લીધી જે 'મારા માબાપ કોણ ?

તે મને કહો ? ત્યારે **જયરથ** રાજાએ આત આગ્રહે કહ્યું જે અમને તો જક્ષદેવે તને દીધો છે. માટે અમે તારા માબાપ. બાકી બીજી હકીકત હું જાણતો નથી. આ પરથી રાજા તથા રાણીને તેડી પોતે **યશોમતિ** બેઠી હતી તે ઓરડે ગયો. અને **યશોમતિ**ને પુછ્યું કે મારા માબાપ કોણ ? **યશોમતિ** કહે તારી મા હું અને તારા બાપ આંહી નથી.' આ વચન સાંભળી રાજા રાણીએ **યશોમતિ**ને કહ્યું જે તમે તેની મા છો? એવી ખાત્રી કરી બતાવો. તે વારે **યશોમતિ**એ પોતાની સઘળી આગલી હકીકત કહી બતાવી. અને કહ્યું જે એ કુંવરને મેં **કોશલા** દાસી સાથે નિર્ભય જગ્યાએ મોકલાવ્યો હતો. તે પરથી **કોશલા**ને બોલાવી હકીકત પુછી. **કોશલા**એ સઘળી હકીકત **યશોમતિ**ના કહેવા પ્રમાણે કહી બતાવી ને બોલી જે એ કુવરને મેં

જયદેવ જક્ષના દેવળના પગથીઆપર કેળના પાંદડામાં સુવાડયો હતો. આમ સઘળી હકીકત મળતી આવવાથી રાજા રાણી વિચારમાં પડી ગયાં. અને **જયપ્રસાદ** માતાને પગે લાગ્યો. રાજા રાણી ચિંતામાં પડયાં જે આપણે મહા વિપરીત કામ કરયુ. કે માતૃને પુત્રના હાથમાં સોંપવા કોશિષ કરી. **જયપ્રસાદ** વિચારવા લાગ્યો જે મેં અતિ ખોટું કામ કીધું. કે મારી માતાપર અનીતિની ઇચ્છા ઉત્પન્ન કરી. હવે તેનું નિરાકરણ કેમ કરવું તે બાબતના વિચારમાં પડયા. **જયરથે** માણસ મોકલી, તુરત **પ્રીયદર્શીને** બોલાવ્યો, અને આ વિપરીત બનાવની સઘળી હકીકત કહી બતાવી. **પ્રીયદર્શી** સંતોષ પામ્યો ખરો, પણ આ મનથી બાંધેલું કર્મ કેમ છુટે તેના વિચારમાં પડયો.

પુત્રએ માતૃપર અનિતિ ઇચ્છી, અને

તેમ કરવામાં રાજા તથા રાણીએ મદદ કીધી જેથી તે પ્રાયશ્ચિત શી રીતે ધોવાય ? તે વિચારમાં **પ્રીયદર્શી** પડયો. ઘણો લાંબો વિચાર કીધા પછી તેને એવો વિચાર સુઝયો કે ભરતખંડની મુસાફરી કરી ગરીબ, કંગાલ, અપંગ વિગેરેને દાન દેવામાં આવે તો આ પ્રાયશ્ચિત નાશ પામે. આવો વિચાર બાંધી તેણે તે વિચાર રાજા આગળ પ્રગટ કીધો. રાજાએ તેમ કરવું વ્યાજબી ધારી અખુટ ખજાનો લઇ **જયપ્રસાદ, યશોમતિ** તથા પોતાની રાણીને લઈ ભરતભુમીના જાત્રાવાળા સ્થળોપર પોતાની સ્વારી ઉપાડી. ઘણે ઠેકાણે જાત્રા કરી, ગરીબ લોકોનાં દુઃખો કાપી આશિર્વાદ મેળવવા માંડયો. એમ કરતાં કેટલેક દહાડે **ત્રંબાવટી** નામની નગરી નજદીક આવી પહોંચ્યા. નગરીથી પાંચ ગાઉપર પડાવ નાંખી પડો ફેરવરાવ્યો કે જેજે ગરીબ લો-

કો હોય તેમણે દાન લેવા માટે આવવું. આ વાત **ત્રંબાવટીના** રાજાએ સાંભળી, એટલે તેણે પૂછગાછ કરી જાણી લીધું કે **કોશંબી** નગરીનો **જયરથ** નામે રાજા ભરતખંડની જાત્રાએ નીકળ્યો છે. અને ગરીબ લોકોને બે શુમાર ધન દાનમાં દે છે. એવી હકીકત સાંભળી **ત્રંબાવટીનો** પતિ ખુશી થયો, અને તેણે પરોણા તરીકે **જયરથને** તેડવા આમંત્રણ કરયું. આવવાના દિવસે બડી ધામધુમથી સામૈયુ કીધું. બંને રાજા હર્ષથી મળ્યા—ભેટયા. **ત્રંબાવટીના** ધણીએ **જયરથ** રાજાને પોતાના બગલામાં ઉતાર્યો. ને આઠ દિવસ રહેવાનું અતિ આગ્રહે કબુલ કરાવ્યું. **જયરથ** રાજા આવી ઉમદા આગતા સ્વગતાથી આનંદપામ્યો અને પ્રીતિની ગાંઠ મજબુત બધાઇ.

હવે **જયરથ** રાજાએ પોતાના તરફથ. ઉજાણીના તરીકે આખા ગામને જમવા આ-

વવાની **ત્રંબાવટી**ના રાજા પાસે માગણી કીધી. જેના જવાબમાં તે બોલ્યો કે "હે! મિત્ર! કહેવાને દિલગીર છું કે એ વાત હાલમાં આંહી બને તેમ નથી. કારણ કે આ ગામનો નગરશેઠ **પુરંધર** નામે છે. તેને **દેવદત્ત** નામે દીકરો છે. જે ઘણા વરસ પરદેશમાં રહી, બહોળો વેપાર કરી ઘણી રિદ્ધિ સહિત થોડા દિવસ થયાં આવ્યો છે, પણ જ્યારથી આવ્યો ત્યારથી હમેશાં લાંઘણો કરે છે. તેનું કારણ કાંઇ સમજાતું નથી. આજે તેને ઓગણત્રીશ લાંઘણ થઇ છે, જેથી આખું શહેર કકળાટ કરે છે. જો હવે થોડા દિવસ એમને એમ વધારે ચાલશે તો તે નક્કી મરણ પામશે. માટે આખુ શેહેર જમવા આવે તેમ નથી." **જયરથ** રાજા આ સાંભળી વિસ્મય સાથે વિચારમાં પડયો, હવે કેમ કરવું? કાંઇ પણ ઉપાય કરી આ વ્ય

વી મટાડી શેહેરને જમાડી જશ લેવો. એવો તર્ક વિતર્ક કરતો કરતો પોતાના ઉતારે આવી ઉદાસવૃતીમાં બેઠો.

પ્રિય વાંચનાર! યાદ હશે કે **દેવદત્ત** શેઠ વેપાર અરથે પરદેશમાં ગયો હતો, તે ઘણો વખત પરદેશમાં રહી, ઘણી લક્ષ્મી પ્રાપ્ત કરી, પોતાની સારી નામના કરી. પોતાના વતન **લંબાવટી** નગરીએ થોડા રોજપર આવ્યો છે. આ વખતે તેના પિતા **પુરંધર** શેઠે ઘણી ધામધુમથી સામૈયું કીધું, તે વખતે સગા સંબંધીઓ સર્વ મળવા માટે આવ્યાં, તે સઘળાંને મળી ઘણા ઠાઠ માઠથી **દેવદત્ત** પોતાને ઘેર આવ્યો. થોડી વાર પરદેશ પ્રવાસની વાત કર્યા બાદ મળવા આવેલ મિત્રો, સગા સંબધી સરવે રજા લઈ પોતાના ઘરે ગયાં. હવે **દેવદત્તે** વિચાર કીધો કે સઘળા સ્નેહી લોકો મને મળી ગયા, પરંતુ આંહી

મારી સ્ત્રી કેમ દેખાતી નથી? વળી હું જે રાત્રે મારી સ્ત્રીને મળી ગયો હતો, તેજ રાત્રેથી તે સહગર્ભા થઈ હતી. તો તે ગણતરી મુજબ આજે મારે ૨૦ વર્ષનું ફરજન હોવું જોઈએ. તે પણ કાંઈ જણાતું નથી, માટે આ વાત કોઇને પૂછીને મારે માહીતી મેળવવી. એમ ધારી પોતાના એક વિશ્વાસુ મિત્રને બોલાવી, પોતાની સ્ત્રી સંબંધી હેવાલ પુછયો. ત્યારે તે મિત્ર બોલ્યો. "પ્રયિ બંધુ! એ વાત આપને કહેવા જેવી નથી. કહેવાથી નકામો શોચ કરવો પડે તેમ છે, માટે એ વાત જવા દો." આ વચન સાંભળી દેવદત્ત વધારે અધિરો થયો, અને તે વાત શું છે? તે કહેવાને માટે ઘણોજ આગ્રહ કીધો. જેથી તેણે કહયું "આપ ગયા બાદ બે ચાર માસે આપની સ્ત્રીને હરામનું હમેલ રહ્યું હતું, તેથી આપણા ઘરની લાજ જાય એવા

હેતુથી તમારા પિતાશ્રીએ તેને વનમાં કાઢી મૂકી, ત્યાર બાદ શું થયું ? તે હું જાણતો નથી." આ હકીકત સાંભળતાં દેવદત્તને ઘણોજ ખેદ ઉત્પન્ન થયો. તેની ચક્ષુમાંથી ચોધાર આંસુ પડવા લાગ્યાં. અને રડતે સ્વરે બોલ્યો " અરે ભાઈ ! મારી સ્ત્રી સાધવી હતી. અને એ ગર્ભ મારાથીજ રહયો હતો. અરે ! મારા પિતાએ ઘણુંજ ખોટું કીધું. આ નિષ્કલંકી સતિ સ્ત્રીને દારૂણ દુઃખમાં નાખી. હાય ! હાય ! તેની શી વલે થઇ હશે !? અરે મારી પ્યારી ! તને હું કયાં મળું ? તું કયાં અને કેવા દુઃખમાં હઇશ ! અહો ! પરમ કૃપાળુ પરમેશ્વર ! મારા જેવો દુષ્ટ કોણ હશે ?!" આમ રૂદન કરતો માથાં પટવા મંડયો. અને પ્રતિજ્ઞા લીધી કે એ સ્ત્રી મળે તોજ અન્ન પાણી લેવું. આવી રીતે આજ તેને ઓગણત્રીસ અપવાસ થયા છે. તે સ્ત્રીના

વિયોગથી ઝુરે છે, આંખો ઉંડી ઉતરી ગઈ છે, હાથ પગ નરમ પડી પયા છે, શરીર સોસાતું જાય છે, અને આ સાધવી સ્ત્રીના વિયોગમાં તેનો પ્રેમી આત્મા ક્ષીણ થતો જાય છે, તેના માત પિતા, સગા સંબંધી ઘણે પ્રકારે દ્રસ્ટાંત આપી સમજાવે છે, પરંતુ પોતાની સતિ સ્ત્રીનો એવો તો કારી ઘા લાગ્યો છે કે કોઇનું કહયું લેશ માત્ર કાનપર ધરતો નથી. જેથી કરીને આખા કુટુંબમાં તો શું ? પણ સઘળા શેહેરમાં હાહાકાર થઇ રહયો છે. ચકલે ચકલે ચરચા ચાલી રહી છે. અને સર્વે કોઈ તેના પર દયાના ઉદગારો કાઢે છે.

જયરથ રાજાએ **દેવદત્ત** કેમ ખાતો નથી તેનો તપાસ કીધો. તો તેને ઉપલી સઘળી હકીકત માલુમ પડી. હવે આ દુઃખ શું યોજના કરવાથી મટે, તેનો વિચાર કરતો કર-

તો પોતે દીલગીરીમાં બેઠો છે. થોડો વખત ગુજર્યા બાદ **યશોયતિ** ત્યાં આવી, તો **જયરથ** રાજાને ઉદાશવૃતિમાં દીઠો, જેથી તેને પણ દિલગીરી ઉત્પન્ન થઈ. તોપણ મનમાં હિંમત લાવી પૂછ્યું " રાજન ! આજે આટલા બધા શા વિચારમાં ગુંથાઓ છો ? આજે તમારૂં મલકતું મુખડું મહા ચિંતામાં પડેલું જણાય છે, તેનું કારણ વિસ્તારી કહો. " આ સાંભળી **જયરથ** રાજાએ **દેવદત્ત** સંબંધની સઘળી હકીકત **યશોમતિને** યથાસ્થિત કહી સંભળાવી. જેથી **યશોમતિનું** હૃદય છીન ભીન થઇ ગયું, તોપણ ધૈર્યથી તે બોલી. "મહારાજન ! એ દુઃખ જો આપની આજ્ઞા હોય તો હું મટાડવા ખુશીથી તત્પર છું; અને મને તેને ઘેર જવા રજાઆપો, એટલે ઈશ્વર કૃપાથી તેને જમાડીશ. માટે તે બાબત નિશ્ચિંત રહી મને જલદીથી જવા દો "

આવાં હિંમતનાં વચન સાંભળી તુરત યશોમતિને જવા માટે મેનો મંગાવી દીધો. તેમાં બેસી તે **પુરંધર** (દેવદત્તનો બાપ) શેઠને ઘેર આવી. **દેવદ-તને** આવી જુએ છે તો આંખો મીંચી ફક્ત પોતાની સાધવી સ્ત્રીનું રટણ કરતો દીઠો. જેથી **યશોમતિ** પણ ગળગળીત થઈ ગઇ. અને વિચાર કીધો કે માત્ર મારે ખાતર મારા પ્રાણાધારને આવી સ્થિતીમાં આવવું પડયું. ફરી તે તરફ જોઇ હર્ષ—શોક મિશ્રીત અવાજે બોલી. " સ્વામી હું આપની હજુરમાં આવી છું. આપ મારા માટે આટલું બધું સંકટ પામો છો, અને હું અભાગણી મઝા કરૂં છું. હાય ! હાય ! ! એ બદલો હું શી રીતે વાળી શકીશ ? કૃપા કરી આ દીન દાસીપર નજર કરો. અને બેઠા થાઓ. " એમ કહેતાં કહેતાં મુરછીત થઇ ધરણીપર ઢળી પડી. ચક્ષુ ઉંચાં ચડી ગયાં.

આગળ ઉભેલા માણસો આ તમાસો જોઈ અચરત પામ્યા. અને તેની આસ્નાવાસના કરી, એટલે મુરછા વળી અને જાગૃત થઇ કહેવા લાગી કે, " મેં એવાં શાં પાપ કર્યાં હશે કે હું મારા પ્રિય પતિને આવી અવસ્થામાં જોઉં છું. અને હું આનંદમાં રહું છું. હે! દેવ! મારાપર રહેમ લાવી જેવી રીતે આજ સુધી બચાવી છે, તેવીજ રીતે જો મારૂં હીત ઇચ્છતો હોય તો મારા સ્વામીનું દુઃખ દૂર કર. " આવી રીતે પ્રીતીના ઉદગાર તેમજ સર્વ શક્તિમાન કૃપાળુ મહારાજની યાચનાનાં વચન જેવાં **યશોમતિ**ના મુખમાંથી નીકળ્યાં કે તુરતજ **દેવદત્ત**ના કાનપર અથડાયાં. જેથી તેણે આંખ ઉઘાડી જોયું તો પોતાની નિષકલંક પ્રીયાને પાશે ઉભેલી દીઠી. તેના ગળે એકદમ વળગી પડયો, બંને સ્ત્રી પુરૂષે હર્ષાશ્રુ પાડયાં. પાસે ઉભેલા મા-

ણુસો આ બનાવ જોઇ દીંગ થઇ ગયા. **દેવદ-ત**નાં માત પિતા તેમ સઘળા માણુસોને હવે નક્કી થયું કે આ સ્ત્રી પંડે **યશોમતિ** છે. તેથી તેઓ સઘળા અતિ આનંદ પામ્યા અને **દેવદ-ત** પણ જમ્યો.

આ વાત ત્રંબાવટીના રાજાએ જાણી, ત્યારે તે પણ ઘણો ખુશી થયો. **યશોમતિ દેવદત્ત**ની વહુ થાય, અને **જયપ્રસાદ દેવદત્ત**નો પુત્ર થાય, એ હકીકત **જયરથ** રાજાના જાણુવામાં આવી ત્યારે તે પણ અત્યાનંદ પામ્યો. **જયરથ** રાજા **પુરંધર** શેઠને ત્યાં ધામધુમથી આવ્યો. **જયપ્રસાદ** તેના બાપને સોંપ્યો, પછી **દેવદત્ત**ની આગળથી **જયપ્રસાદ** માગી લીધો. અને **યશોમતા**ને ઘણાં આભુષણુ તથા વસ્ત્ર આપ્યાં. છેવટ પોતાની ધારણા મુજબ ગામ જમાડી, લાહાણું વગેરે ઉત્તમ કાર્ય કરી, અનાથને આશ્રય આ-

પી, પરોપકારમાં પૈસો ખરચી. **જયપ્રસાદને** સાથે લઇ **જયરથ** રાજા આડંબર સહીત પોતાના રાજયસ્થાન તરફ ચાલ્યો.

હવે **પુરંધર** શેઠને પૂરેપૂરો પસ્તાવો થયો, કે મેં સતીને માથે ફોકટનું કલંક મુકી તેને ઘણું સંકટ દીધું. આ વિચારમાંને વિચારમાં હમેશાં અફસોસમાં પોતાના દિવસ ગુજારવા લાગ્યો. એમ કરતાં કેટલેક દહાડે તેને એક મહાત્માનો સમાગમ થયો, એટલે આ સંસારથી વિમુખ થઈ વૈરાગ્યવાન બની ધર્મ કરણી કરી પોતાનાં કર્મ ખપાવવા લાગ્યો. **દેવદ-ત યશોમતિ** સાથે સુખેથી દિવસ કાઢવા લાગ્યો. ધર્મ કાર્યમાં ચિત્ત રાખી, અનાથને આશ્રય આપી, ગુણીજનની કદર કરી, નિતીથી વરતી હમેશાં પરમેશ્વરનું ભજન કરવા દંપતી ચુકે નહીં. એમ કરતાં કેટલેક દહાડે દેવદત્તને બીજો પુત્ર પ્રાપ્ત થયો.

જયરથ રાજા કેટલેક દહાડે કાદંબી નગરીએ પહોંચ્યો. વખત જતાં પોતે વૃદ્ધ થવાથી સઘળો રાજ્યકારભાર જયપ્રસાદને સોંપ્યો. અને પોતે હવે ધર્મ તરફ ચીત ચોડયું. દાન, શિયળ, તપ, ભાવ વગેરે નિયમો તેણે ગ્રહણ કીધા. અને ગરીબ લોકોને ઘણું દ્રવ્ય આપી, નિતીપર આસ્થા રાખી, એક ચિ-તે ઇશ્વરનું ભજન કરવા નિયમ કર્યો. એમ કરતાં કેટલેક દહાડે આ સંસાર છોડી વૈરાગવંત થયો.

ઉપરના દ્રષ્ટાંતનો સાર એ છે કે સ્ત્રીએ પતિની આજ્ઞા અને સેવામાં રહેવું. ગમે તેવું સંકટ પડે તોપણ પોતાનું દંપતી ધર્મમાં છાજનારૂં, અને શોભા આપનારૂં જે શિયળ વ્રત તેને કદીપણ આંચ આવવા દેવી નહીં. પુરૂષ અને પત્નીના બને કુળમાં ભૂષણ રૂપ જે રત્ન ગણાય છે, તે પતિવ્રત

તેમજ પતિવ્રત ગણાય છે.

એ ધર્મની જેટલી પ્રસંસા કરીએ તેટ-લી થોડી છે. મહા વૈરાગવાન મહંત પુરૂષોએ પ્રસંસા પૂર્વક આ ધર્મનો બોધ આપેલો છે. શાસ્ત્રોમાં પણ તેનું મહાત્મ વર્ણવ્યું છે. આ-જ અનંત કાળ થયાં સર્વ લોકમાં પતિવ્રતા ધર્મ સ્ત્રીઓને ઉત્તમ અલંકાર રૂપ ગણાતો આવ્યો છે. ખરૂં પતિવ્રત એ સ્ત્રી ધર્મમાં તિક્ષણ હથિઆર રૂપ છે. પતિવ્રતાઓને જે જે બાબ-તો સાધ્ય હોય છે, તે મહા પરાક્રમી પુરૂષો બહુ બળથી પણ મેળવી શકતા નથી. તે બાબતનાં પુષ્કળ પ્રમાણો છે. પતિવ્રતા ધર્મના ધર્મની સિધ્ધી મહાન છે. એવી પુજ્ય સ્ત્રીપર પરમેશ્વર પ્રસન્ન રહે છે. તેના ઘરમાં લક્ષ્મી વાસો કરી રહે છે. તેની શંતતી શાણી અને સુંદર નિપજે છે. તેના શ્વસુર અને પીયર એ બંને કુળમાં ખરૂં અભિમાન પ્રાપ્ત થાય છે.

છે. પોતાના ઘરમાં તે કરતી કારવતી થાય છે, એટલુંજ નહીં પણ માન સહિત પોતાના પતિને પણ અતિ પ્રિય થઇ પડે છે. તેની સારી ચાલના રીત બીજી સ્ત્રીઓને અતિ ઉપયોગી થઇ પડે છે. અને તેનું તેજ તેઓમાં પડીને તેઓની ઘણી સારી સ્થિતી થાય છે. સઘળાં વૃત કરતાં પતિવૃતતાને મહાન ગણેલું છે અને તેની છાયામાં સઘળા વૃત દબાઇ જાય છે. એક પતિવૃતનું ખંડન થવાથી સઘળાં વૃતનો નાશ થાય છે. પતિવૃતાને ઘરમાં તેમજ પાડોશ પાડોશમાં સનમાન મળેછે, અને ધન છે તેનાં માતપિતાને, એવા શાબાશીના ઉદગારો સર્વના મોહોડામાંથી નિકળેછે. સ્ત્રીની કોઇ સંપત્તિ પૂછતું નથી. પતિવૃત એજ તેની ખરી સંપત્તિ છે. પતિવૃતાના પુરણ પવિત્ર તેજથી તે સૂર્યની પેઠે પ્રકાશી નિકળે છે. ચંદ્રહાર, હીરાકંઠી, સાંકળાં, તથા ઝાંઝર, ઝરમર,

ગોખરૂ, કર્ણુકાપ એ જો કે હંચ ધાતુના દાગીના હોય છે, તથાપિ તે માત્ર પેહેરેલી જગ્યાએ થોડી શોભા આપે છે, પરંતુ તેના કરતાં પતિવૃત એ ઘણી અમુલ્ય ધાતુ છે. અને તે એકજ દાગીનાની ખોટ ઉપરના કરોડો દાગીનાથી પણુ પુરી પડતી નથી. પ્રતિવૃત રૂપ ભુષણુની કાંતી અપરંમપાર છે માટે પ્રતિવૃત એજ સ્ત્રીનો મુખ્ય ધર્મ છે.

સમાપ્ત.

વર્તમાન તત્વ સંગ્રહ.

(માસિક ચોપાનિયું)

કવિશ્વર દલપતરામ ડાહ્યાભાઈ લખે છે કે:—તેમાં વિષયો ઘણા સારા છે. અને તે ઘણું લોકોપયોગી થઈ પડશે. પરમેશ્વર એ ચોપાનીઆની જીત કરે. ઇડરના દીવાન સવાઇલાલભાઇ લખે છે કે:—કિંમત થોડી ને વિષયો ઘણા ને સારા તે ખુશી થવા જેવું છે.

રા. રા. દલપતરામ પ્રાણજીવન કચ્છના મા૦ ડે૦ એ૦ ૪૦ લખે છે કે વિષયો તથા વર્તમાન પત્રોમાંથી તત્વ વીણી કાઢવામાં સારી હોંશીઆરી વાપરો છો. લોકોને બહુ ઉપયોગી થઇ પડસે એમ હું ધારૂ છુ

શિવાય ફુરસદ, આજબ, આનંદી, વિદ્યા હુન્નર. હિન્દ અને બીજા પ્રખ્યાત પેપરવાળાઓએ તથા ઘણા નામાંકીત પુરૂષોએ એક અવાજે એ ચોપાનીયાનાં વખાંણ કર્યા છે. બુદ્ધિપ્રકાશ કરતાં સવાયુ કદ છતાં કીંમત માત્ર ટપાલ ખર્ચ સુધાં બાર આના.